**EDII**

**Divyabhaskar**

**March 14, 2024**
**Page No.09**
**(Citybhaskar)**

### વિવિધ કોલેજના સ્ટુડન્ટ્સને 40 હજારની ફાઈનાન્શિયલ સહાય કરાઈ

# EDIIની મદદથી 136 સ્ટુડન્ટ્સને સ્ટાર્ટઅપ ગ્રાન્ટ્સ એનાયત કરાઇ



ગાંધીનગરઃ ગુજરાત સરકારના હાયર એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા આંત્રપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (EDII)ના સહયોગથી ‘સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી’ હેઠળ 136 સ્ટુડન્ટ્સને સ્ટાર્ટઅપ ગ્રાન્ટ્સ એનાયત કરવામાં આવી. આ પોલિસી હેઠળ કોલેજ સ્ટુડન્ટ્સના 136 આઈડિયાને 40 હજારની ફાઈનાન્શિયલ સહાય આપવામાં આવી. સ્ટુડન્ટ્સને કોલેજ ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી હતી. કુલ 426 ફેકલ્ટી મેમ્બર્સને પણ 10 ટ્રેનિંગ પ્રોગ્રામ્સ હેઠળ ટ્રેનિંગ આપવામાં આવી હતી અને ત્યારે, તેમના થકી અત્યાર સુધીમાં 460 સ્ટુડન્ટ્સને નોમિનેટ કરવામાં આવ્યા છે. 460 સ્ટુડન્ટ્સમાંથી 136 સ્ટુડન્ટ્સને આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ ગ્રાન્ટ્સ અપાઈ છે. ઈવેન્ટમાં હાયર એજ્યુકેશનમાં રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલ પાનશેરિયાએ હાજરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં એવા અનેક કિસ્સાઓ જોવા મળે છે, જેમાં સ્ટુડન્ટ્સ જોબ મેળવવાના બદલે કંઈક નવું વિચારે છે અને ટકી શકે તેવા સ્ટાર્ટઅપ્સ ઊભા કરે છે. ‘સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી’નો ઉદ્દેશ સરકારી અને બિનસરકારી આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લૉ કોલેજોમાં ભણતા સ્ટુડન્ટ્સને આંત્રપ્રિન્યોરશિપ પ્રત્યે પ્રોત્સાહન આપવાનો છે.